eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 95
March 23, 2007


## સુરત મહાનગર સેવાસદન આકારણી અને વસુલાત વિભાગ "વેરા ભરપાઈ કરવા બાબત જાહેર અપીલ"

સુરત શહેરમાં સમાવિષ્ટ થયેલા ૮ (આઠ) નગર સેવાસદન તથા ૨૭ (સત્તાવીસ) ગ્રામ પંચાયત વિસ્તાર સહિત તમામ વિસ્તાર માટેના સને ૨૦૦૬–૦૭ના વર્ષનાં મિલકત વેરા/શિક્ષણ ઉપકરના બીલો કરદાતાને પહોંચતા કરવામાં આવેલ છે. જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે " બીલ " ન મળેલ હોય તો જે તે ઝોન કચેરીના આકારણી અને વસૂલાત વિભાગમાંથી / નાગરિક સુવિધા કેન્દ્રમાંથી બીજી પ્રત મેળવી લઈ વેરા ભરપાઈ કરવા વિનંતી. સમયસર વેરો ભરપાઈ કરી શહેરનાં વિકાસ કામોમાં સહભાગી બનવા અનુરોધ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૧૧–૩–'૦૭ થી તા. ૧૪–૩–'૦૭ દરમ્યાન "બાળલકવા નાબુદી અભિયાન–૨૦૦૭"

બાળલકવા નાબુદીના ધ્યેયને લક્ષમાં રાખી ભારત સરકારના આદેશાનુસાર સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૧૧–૩–૨૦૦૭ થી તા. ૧૪–૩–૨૦૦૭ દરમ્યાન સબ નેશનલ પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે ૧૭૬૫ રસીકરણ કેન્દ્રો (બુથ) ૫૨, પાંચ વર્ષ સુધીના ૩,૦૨,૯૪૦ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

બાળલકવા નાબૂદી અભિયાન
સુરત મહાનગરપાલિકા

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં તા. ૧૫–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૧૭ (નવાપુરા–બેગમપુરા) વિસ્તારમાં સફાઈ અભિયાન તથા જનજાગૃતિ કાર્યક્રમ



નિર્મળ ગુજરાત–નિર્મળ સુરત–૨૦૦૭ના કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગર સેવાસદનના સેન્ટ્રલ ઝોન ધ્વારા ડિ.કે.એમ.હોસ્પીટલ થી ઈન્દરપુરા ગધેવાન આંબાવાડી કાલીપુલ, ચલમવાડ, કસાઈ ખાડીથી દેવડી સુધી ઈન્દરપુરા ખત્રીવાડથી વાંસફોડા પુલ સુધી તેમજ આંબાવાડી કન્ટેનરથી દક્ષીણીવાડ થઈ સલાબતપુરા પંપીંગ સુધીના વિસ્તારમાં સફાઈ અભિયાન તેમજ જનજાગૃતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદનના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા તા. ૧૫–૩–૨૦૦૭ અને તા. ૧૬–૩–૨૦૦૭ના રોજ વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી

સુરત મહાનગર સેવાસદનનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મુખ્ય કચેરી તેમજ વિવિધ ઝોન ધ્વારા મુખ્ય કચેરી તેમજ વિવિધ ઝોન ધ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી કરવામાં આવે છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેકઅપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી કરવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદનના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા તા. ૧૭–૩–૨૦૦૭ના રોજ વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા તા. ૧૭–૩–૨૦૦૭ના રોજ કુલ ૧૫૪૬ જેટલી વ્યકિતઓનાં લોહીનાં નમુના (તાવના કેસની સ્લાઈડ)ઓ લેવામાં આવેલ, ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૩૯,૫૫૯ ઘરોમાંથી કુલ ૨૫૯, બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૧૦૧, એડીસ ૧૪૧, કયુલેકસ ૦૨ અને મીશ્ર ૧૫ બ્રિડીંગ મળ્યા હતા. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો તેલ/કેરોસીન નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટ્રીક (એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૧૫૦ બ્રિડીંગ શોધવામાં આવ્યા.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૧૮–૩–૨૦૦૭ના રોજ સુરત મહાનગર સેવાસદન સંચાલિત શ્રી જશવંત પચ્ચીગર સાયકલ તથા દોડ સ્પધાનું આયોજન

હરિ ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગર સેવાસદન સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ તથા દોડ સ્પર્ધા" તા.૧૮.૩.૦૭ ના રોજ રવિવારે સવારે ૬.૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી(એસ.વી.આર.એન્જી.કોલેજ) ઈચ્છાનાથ, સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.



વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત રાંદેર ઝોનમાં તા. ૧૯–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૧ (રાંદેર–જહાંગીરાબાદ–જહાંગીરપુરા–પીસાદ) વિસ્તારમાં સફાઈ અભિયાન



તા. ૧૯–૩–૨૦૦૭ના રોજ રાંદેર ઝોનમાં રામનગર વોર્ડ વિસ્તારમાં રામનગર કોલોની, સિંધુવાડી, કાશ્મીરી મહોલ્લો તથા આંતરિક રસ્તાઓ, ઝુલેલાલ મંદિર થી વિજય ટેક્ષટાઈલની આજુબાજુનો વિસ્તાર તથા આંતરિક રસ્તાઓ પર " નિર્મળ ગુજરાત ૨૦૦૭ " અંતર્ગત સફાઈ અભિયાન રાખવામાં આવેલ. જેમાં લાઈટ એન્ડ ફાયર સમિતિ ચેરમેનશ્રી પ્રવિણભાઈ માળી, મ્યુ. સભ્યશ્રી છાયાબેન પરમાર, સ્થાનિક કાર્યકરો, ન.પ્રા.શાળા ક્રમાંક ૧૬૮ના આચાર્યશ્રી, શિક્ષકગણ, વિદ્યાર્થીનીઓ (સંખ્યા–૫૦) તેમજ સી.આર.સી. કો–ઓર્ડીનેટરશ્રી હાજર રહેલ હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં તા. ૨૦–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૩૧ (ઉધના–દક્ષિણ) વિસ્તારમાં સફાઈ/સ્ક્રેપીંગ બ્રશીંગની કામગીરી

" નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત " કાર્યક્રમ અંતર્ગત સાઉથ ઝોન (ઉધના)માં ઝોનના વડા ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રી જે. એમ. આઝાદના માર્ગદર્શન હેઠળ વિજયાનગર વોર્ડના પ્રભુનગર વિસ્તારમાં તા. ૨૦–૩–૨૦૦૭ના રોજ સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવેલ આ અભિયાનમાં સ્થાનિક કોર્પોરેટરશ્રી કાંતિભાઈ જોષી, કોર્પોરેટરશ્રી રામપ્યારે શર્મા તથા કોર્પોરેટર શ્રીમતિ સુશીલાબેન હટકર હાજર રહયા હતા.



વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં તા. ૨૧–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૨૨ (સગરામપુરા–સલાબતપુરા) વિસ્તારમાં સફાઈ અને જનજાગૃતિ અભિયાન



ગુજરાત સરકારના નિર્મળ ગુજરાત–૨૦૦૭ની ઉજવણીના સંદર્ભમાં સુરત મહાનગર સેવાસદનના સેન્ટ્રલ ઝોન ધ્વારા તા. ૨૧–૩–૨૦૦૭ના રોજ " નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત "ના કાર્યક્રમ અંતર્ગત સગરામપુરા પુતળી પાસે જનજાગૃતિ અભિયાન, સફાઈ અભિયાન તેમજ પ્રતિમા સફાઈનો કાર્યક્રમ માન. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના પ્રમુખસ્થાને યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ઝોનના વડા આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## ઓલ ગુજરાત મહાનગર સેવાસદન શ્રી જામ રણજીતસિંહ રાજયાભિષેક શતાબ્દી નિમિત્તે તા. ૨૧ થી ૨૫ માર્ચ ૨૦૦૭ દરમ્યાન ઈન્ટર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

જામનગર મહાનગર સેવાસદન તરફથી ઈન્ટર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટનું જામનગર ખાતે તા. ૨૧ થી ૨૫ માર્ચ ૨૦૦૭ દરમ્યાન ઓલ ગુજરાત મહાનગરપાલિકા શ્રી જામ રણજીતસિંહ રાજયાભિષેક શતાબ્દી નિમિત્તે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે સુરત મહાનગર સેવા સદનના કાયમી કર્મચારીઓને ભાગ લેવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.



વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગર સેવાસદન
# આકારણી અને વસુલાત વિભાગ
# " વેરા ભરપાઈ કરવા બાબત જાહેર અપીલ "

સુરત શહેરમાં સમાવિષ્ટ થયેલા ૮ (આઠ) નગર સેવાસદન તથા ૨૭ (સત્તાવીસ) ગ્રામ પંચાયત વિસ્તાર સહિત તમામ વિસ્તાર માટેના સને ૨૦૦૬–૦૭ના વર્ષનાં મિલકત વેરા/શિક્ષણ ઉપકરના બીલો કરદાતાને પહોંચતા કરવામાં આવેલ છે.

જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે " બીલ " ન મળેલ હોય તો જે તે ઝોન કચેરીના આકારણી અને વસૂલાત વિભાગમાંથી / નાગરિક સુવિધા કેન્દ્રમાંથી બીજી પ્રત મેળવી લઈ વેરા ભરપાઈ કરવા વિનંતી. સમયસર વેરો ભરપાઈ કરી શહેરનાં વિકાસ કામોમાં સહભાગી બનવા અનુરોધ છે.

કમિશ્નર
સુરત મહાનગર સેવાસદન

TOP

# સુરત મહાનગર સેવાસદન
# ધ્વારા તા. ૧૧–૩–'૦૭ થી તા. ૧૪–૩–'૦૭ દરમ્યાન
# " બાળલકવા નાબુદી અભિયાન–૨૦૦૭ "

બાળલકવા નાબુદીના ધ્યેયને લક્ષમાં રાખી ભારત સરકારના આદેશાનુસાર સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૧૧–૩–૨૦૦૭ થી તા. ૧૪–૩–૨૦૦૭ દરમ્યાન સબ નેશનલ પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે ૧૭૬૫ રસીકરણ કેન્દ્રો (બુથ) પર, પાંચ વર્ષ સુધીના ૩,૦૨,૯૪૦ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. જયારે કાર્યક્રમના બીજા, ત્રીજા, ચોથા દિવસે ઘરે ઘરે ફરીને ૧,૬૦,૯૬૩ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. આમ, સુરત મહાનગર સેવાસદન વિસ્તારના પાંચ વર્ષ સુધીના ૪,૫૦,૦૦ બાળકોના લક્ષ્યાંક સામે ચાર દિવસની કામગીરી મળીને કુલ ૪,૬૩,૯૦૩ બાળકોને પોલીયોની રસી પીવડાવી ૧૦૩.૦૯% સિધ્ધી હાંસલ કરવામાં આવી છે.

સબ નેશનલ પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પોગ્રામની કામગીરીને સફળતાપૂર્વક પાર પાડવા માટે કાર્યક્રમમાં ભાગ લેનાર મ્યુ. પદાધિકારીઓ, સદસ્યશ્રીઓ, સુરત મહાનગર સેવાસદનનાં કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો, ગવર્નમેન્ટ, સ્મીમેર, હોમીયોપેથીક, આયુર્વેદ કોલેજના મેડિકલ સ્ટુડન્ટ, ગવર્નમેન્ટ, લોખાત તથા મિશન હોસ્પીટલના નર્સીંગ સ્ટુડન્ટ, અશકતાશ્રમ તથા સુરત જનરલ હોસ્પીટલની નર્સ બહેનો, પી.એસ.એચ., નવસર્જન ટ્રસ્ટના કાર્યકરો, નીરવ મહિલા મંડળની બહેનો, એસ.આઈ.કોલેજનાં સ્ટુડન્ટ, એમ.એસ.ડબલ્યુ., શહેરનાં વિવિધ મેડીકલ એસો. તથા અન્ય સેવાભાવી સંસ્થાઓના સહયોગીઓએ ભાગ લીધો હતો. સુમુલ ડેરી, બી.એસ.એન.એલ., જી.ઈ.બી., સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો, સિનેમા ગૃહો વિગેરેએ કાર્યક્રમમાં સહકાર આપ્યો હતો. મોબાઈલ ટીમ ધ્વારા જકાતનાકા, રોજમદાર મજૂરોની કામચલાઉ વસાહતો, ઘરવિહોણા ફુટપાથ વાસીઓ વગેરેને આવરી લેવામાં આવ્યા હતા.

પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમના હવે પછી યોજાનાર રાઉન્ડ દરમ્યાન પણ આપનાં બાળકોને પોલીયોની રસી અવશ્ય પીવડાવશો.

**" આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં સહકાર આપી આપણા રાષ્ટ્રને પોલીયો મુકત બનાવવા માટે સહભાગી થઈએ "**

TOP

# નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં તા. ૧૫–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૧૭ (નવાપુરા–બેગમપુરા) વિસ્તારમાં સફાઈ અભિયાન તથા જનજાગૃતિ કાર્યક્રમ

નિર્મળ ગુજરાત–નિર્મળ સુરત–૨૦૦૭ના કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગર સેવાસદનના સેન્ટ્રલ ઝોન ધ્વારા ડિ.કે.એમ.હોસ્પીટલ થી ઈન્દરપુરા ગધેવાન આંબાવાડી કાલીપુલ, ચલમવાડ, કસાઈ ખાડીથી દેવડી સુધી ઈન્દરપુરા ખત્રીવાડથી વાંસફોડા પુલ સુધી તેમજ આંબાવાડી કન્ટેનરથી દક્ષીણીવાડ થઈ સલાબતપુરા પંપીંગ સુધીના વિસ્તારમાં સફાઈ અભિયાન તેમજ જનજાગૃતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ ઝુંબેશમાં સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સદસ્યશ્રી શશિકાન્ત દાળીયા, હીનાબેન કાબરાવાલા તેમજ આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટ, આસી. આરોગ્ય અધિકારી ડો. પ્રદિપ ઉમરીગર વિગેરે જોડાયા હતા. આ ઝુંબેશમાં સમગ્ર વિસ્તારમાં સફાઈની અને સ્ક્રેપીંગની કામગીરી કરાવવામાં આવેલ હતી તથા જંતુનાશક દવાઓનો છંટકાવ કરાવવામાં આવેલ હતો. આ ઝુંબેશ દરમ્યાન ૭૯ ઈસમોને ન્યુસન્સ કરવા બદલ ચેતવણી આપવામાં આવેલ હતી. તેમજ ૩૭ જેટલા ઈસમો પાસેથી ગંદકી કરવા બદલ રૂા. ૩,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ હતો. આ ઝુંબેશમાં વાહક જનીત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા ૪૦૪ ઘરોમાં મચ્છરોની ઉત્પતિ અંગેનો સર્વે કરવામાં આવ્યો હતો. ૧૨૫ વ્યકિતઓની સ્લાઈડો મેળવવામાં આવેલ હતી. તેમજ પત્રીકાઓનું વિસ્તરણ કરવામાં આવેલ હતું.



TOP

## સુરત મહાનગર સેવાસદનના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા તા. ૧૫–૩–૨૦૦૭ અને તા. ૧૬–૩–૨૦૦૭ના રોજ વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી

સુરત મહાનગર સેવાસદનનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મુખ્ય કચેરી તેમજ વિવિધ ઝોન ધ્વારા મુખ્ય કચેરી તેમજ વિવિધ ઝોન ધ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી કરવામાં આવે છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેકઅપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉંચકવાની કામગીરી કરવામાં આવે છે.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા તા. ૧૫–૩–૨૦૦૭ના રોજ કુલ ૧૩૯૧ જેટલી વ્યકિતઓનાં લોહીનાં નમુના (તાવના કેસની સ્લાઈડ)ઓ લેવામાં આવેલ, ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૩૮,૮૫૯ ઘરોમાંથી કુલ ૨૩૬, બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૬૫, એડીસ ૧૫૧, કયુલેકસ ૦૪ અને મીશ્ર ૧૬ બ્રિડીંગ મળ્યા હતા. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો તેલ/કેરોસીન નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટ્રીક (એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૧૫૩ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૧૯, એડીસ ૧૦, કયુલેકસ ૯૮ અને મીશ્ર ૨૬ બ્રિડીંગ મળ્યા હતા. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. એડીસ મચ્છરોનું ઉદભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો, ટાયર, નકામા ડબ્બા, કેરબામાં વધારે જોવા મળતું હોય, વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કુલ ૧૦ ટાયર, ૧૪ કેરબા, ૧૦ માટલા અને ૧૨ અન્ય કન્ટેઈનર મળી કુલ ૪૬ કન્ટેઈનર ઉંચકી તેનો નાશ કરવામાં આવેલ છે.
જે ઈસમોએ બ્રિડીંગ દૂર કરવામાં બેકાળજી દર્શાવેલ હોય, તેવા ઈસમોને કુલ ૨૮ નોટીસ આપવામાં આવી તેમજ રૂા. ૪૫૦–૦૦ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૧૦૮ હેન્ડીસેટ ફોગીંગ મશીનો ધ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૦૭ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો ધ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી. જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૨૭ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી, તેમજ ૧૬૦ બાંધકામો ચેક કરવામાં આવ્યા.

આ ઉપરાંત તા. ૧૬–૩–૨૦૦૭ના રોજ વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કુલ ૧૪૧૦ જેટલી વ્યકિતઓનાં લોહીનાં નમુના (તાવના કેસની સ્લાઈડ)ઓ લેવામાં આવેલ, ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૩૭,૬૪૯ ઘરોમાંથી કુલ ૨૭૭, બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૮૭, એડીસ ૧૬૨, કયુલેકસ ૦૭ અને મીશ્ર ૨૧ બ્રિડીંગ મળ્યા હતા. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો તેલ/કેરોસીન નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટ્રીક (એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૧૪૮ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૧૮, એડીસ ૦૧, કયુલેકસ ૯૬ અને મીશ્ર ૩૩ બ્રિડીંગ મળ્યા હતા. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. એડીસ મચ્છરોનું ઉદભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો, ટાયર, નકામા ડબ્બા, કેરબામાં વધારે જોવા મળતું હોય, વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કુલ ૦૧ ટાયર, ૧૫ કેરબા, ૧૪ માટલા અને ૦૭ અન્ય કન્ટેઈનર મળી કુલ ૩૭ કન્ટેઈનર ઉંચકી તેનો નાશ કરવામાં આવેલ છે.
જે ઈસમોએ બ્રિડીંગ દૂર કરવામાં બેકાળજી દર્શાવેલ હોય, તેવા ઈસમોને કુલ ૩૮ નોટીસ આપવામાં આવી તેમજ રૂા. ૪૫૦૦–૦૦ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૧૦૨ હેન્ડીસેટ ફોગીંગ મશીનો ધ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૦૭ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો ધ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી. જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૨૩ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી, તેમજ ૧૮૮ બાંધકામો ચેક કરવામાં આવ્યા.

TOP

# સુરત મહાનગર સેવાસદનના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા તા. ૧૭–૩–૨૦૦૭ના રોજ વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી

સુરત મહાનગર સેવાસદનનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મુખ્ય કચેરી તેમજ વિવિધ ઝોન ધ્વારા મુખ્ય કચેરી તેમજ વિવિધ ઝોન ધ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી કરવામાં આવે છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેકઅપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉંચકવાની કામગીરી કરવામાં આવે છે.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા તા. ૧૭–૩–૨૦૦૭ના રોજ કુલ ૧૫૪૬ જેટલી વ્યકિતઓનાં લોહીનાં નમુના (તાવના કેસની સ્લાઈડ)ઓ લેવામાં આવેલ, ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૩૯,૫૫૯ ઘરોમાંથી કુલ ૨૫૯, બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૧૦૧, એડીસ ૧૪૧, કયુલેકસ ૦૨ અને મીશ્ર ૧૫ બ્રિડીંગ મળ્યા હતા. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો તેલ/કેરોસીન નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટ્રીક (એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૧૫૦ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૨૨, એડીસ ૦૪, કયુલેકસ ૯૪ અને મીશ્ર ૩૦ બ્રિડીંગ મળ્યા હતા. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. એડીસ મચ્છરોનું ઉદભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો, ટાયર, નકામા ડબ્બા, કેરબામાં વધારે જોવા મળતું હોય, વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કુલ ૦૮ ટાયર, ૧૭ કેરબા, ૦૮ માટલા અને ૧૦ અન્ય કન્ટેઈનર મળી કુલ ૩૫ કન્ટેઈનર ઉંચકી તેનો નાશ કરવામાં આવેલ છે.

જે ઈસમોએ બ્રિડીંગ દૂર કરવામાં બેકાળજી દર્શાવેલ હોય, તેવા ઈસમોને કુલ ૨૨ નોટીસ આપવામાં આવી તેમજ રૂા. ૧૭૫૦–૦૦ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૧૦૯ હેન્ડીસેટ ફોગીંગ મશીનો ધ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૦૬ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો ધ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી. જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૨૧ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી, તેમજ ૧૮૮ બાંધકામો ચેક કરવામાં આવ્યા.

TOP

## તા. ૧૮–૩–૨૦૦૭ના રોજ સુરત મહાનગર સેવાસદન સંચાલિત શ્રી જશવંત પચ્ચીગર સાયકલ તથા દોડ સ્પર્ધા'નું આયોજન



હરિ ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગર સેવાસદન સંચાલિત ''શ્રી જશવંત પચ્ચીગર સાયકલ તથા દોડ સ્પર્ધા'' તા.૧૮.૩.૦૭ ના રોજ રવિવારે સવારે ૬.૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી(એસ.વી.આર.એન્જી. કોલેજ) ઈચ્છાનાથ, સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં છોકરાઓ તથા છોકરીઓના અલગ અલગ વય ગૃપમાં કુલ ૮(આઠ) વિભાગમાં સ્પર્ધા યોજવામાં આવી હતી. આ દોડ સ્પર્ધામાં કુલ ૧૫૫ સ્પર્ધકો તથા સાયકલ સ્પર્ધામાં કુલ ૧૭૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાની શરૂઆત ડે.મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ છાયાબેન ભૂવા, ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મ્યુ.સભ્યશ્રી મનોજકુમાર લોટવાળા, શ્રીમતિ કૌશિકાબેન દેસાઈ, શ્રીમતી મંજુલાબેન સાવલીયાએ લીલી ઝંડી ફરકાવી કરાવી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજેતા નીવડયા હતા.

### દોડસ્પર્ધાના વિજેતા

| વિજેતાક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | કરણકુમાર ધર્મેન્દ્ર સેલર | રેતીવાલા દક્ષેસ અશોકભાઈ | પલ્લવીબેન એ.રેતીવાલા | પ્રિયંકાકુમારી ડી. સેલર |
| દ્વિતિય | સ્મિત કનુભાઈ રાવલ | ધ્રુવ ગિરીશભાઈ ચૌધરી | નિકેતા પ્રતાપસિંહ બારીયા | આશા નિતીનભાઈ પટેલ |
| તૃતિય | આકાશ હિમંતભાઈ મેણીયા | અક્ષિત કિશોરભાઈ પટેલ | એલિઝા એમ. પટેલ | કૃતિકા અશોકભાઈ કહાર |

### સાયકલ સ્પર્ધાના વિજેતા

| વિજેતાક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | ચૌધરી વત્સલ અર્જુનભાઈ | રેતીવાલા દક્ષેસ અશોકભાઈ | પંચોલી ઈશા નિલેશભાઈ | કૃતિકા અશોકભાઈ કહાર |
| દ્વિતિય | પટેલ અક્ષય દિલીપભાઈ | અક્ષિત કિશોરભાઈ પટેલ | ઝીલ દક્ષિય શાહ | પ્રિયંકાકુમારી ડી. સેલર |
| તૃતિય | પટેલ હર્ષિલકુમાર પ્રવિણભાઈ | નિલ નરેશભાઈ ચૌઋષિ | મોક્ષા નલિનભાઈ શાહ | મૈત્રી રાજેશભાઈ ઈચ્છાપોરીયા |

તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રો, ટ્રોફી તેમજ શ્રી જશવંતભાઈ પચ્ચીગર તરફથી સ્મૃતિભેટ અને૧ થી૩ ક્રમના વિજેતાઓને ટ્રોફી તથા પ્રમાણપત્રો ડે.મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિકસમિતિના ચેરમેન શ્રીમતી છાયાબેન ભૂવા, જેમના નામ જોડે આ સ્પર્ધા જોડાયેલી છે તેવા આ સ્પર્ધાના પ્રણેતા મુ. શ્રી જશવંતભાઈ પચ્ચીગર, ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મ્યુ.સભ્ય શ્રી મનોજકુમાર લોટવાળા, સ્વાતિબેન ભટ્ટના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે મેડીકલ ઓફિસર સહિતની મેડીકલ ટીમ, ફાયર ફાયટર સાથે ફાયર ઓફિસર હાજર રહયા હતા.

TOP

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત રાંદેર ઝોનમાં તા. ૧૯–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૧ (રાંદેર–જહાંગીરાબાદ–જહાંગીરપુરા–પીસાદ) વિસ્તારમાં સફાઈ અભિયાન



તા. ૧૯–૩–૨૦૦૭ના રોજ રાંદેર ઝોનમાં રામનગર વોર્ડ વિસ્તારમાં રામનગર કોલોની, સિંધુવાડી, કાશ્મીરી મહોલ્લો તથા આંતરિક રસ્તાઓ, ઝુલેલાલ મંદિર થી વિજય ટેક્ષટાઈલની આજુબાજુનો વિસ્તાર તથા આંતરિક રસ્તાઓ પર " નિર્મળ ગુજરાત ૨૦૦૭ " અંતર્ગત સફાઈ અભિયાન રાખવામાં આવેલ. જેમાં લાઈટ એન્ડ ફાયર સમિતિ ચેરમેનશ્રી પ્રવિણભાઈ માળી, મ્યુ. સભ્યશ્રી છાયાબેન પરમાર, સ્થાનિક કાર્યકરો, ન.પ્રા.શાળા ક્રમાંક ૧૬૮ના આચાર્યશ્રી, શિક્ષકગણ, વિદ્યાર્થીનીઓ (સંખ્યા–૫૦) તેમજ સી.આર.સી. કો–ઓર્ડીનેટરશ્રી હાજર રહેલ હતા. રાંદેર ઝોનના ઝોનલ ચીફશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓ ધ્વારા તળિયાઝાટક સાફ–સફાઈ કરાવી જંતુનાશક પાવડર–દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે તેમજ આરોગ્ય શિક્ષણની કામગીરી કરાવવામાં આવેલ છે.

TOP

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં તા. ૨૦–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૩૧ (ઉધના–દક્ષિણ) વિસ્તારમાં સફાઈ/સ્ક્રેપીંગ બ્રશીંગની કામગીરી



" નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત " કાર્યક્રમ અંતર્ગત સાઉથ ઝોન (ઉધના)માં ઝોનના વડા ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રી જે. એમ. આઝાદના માર્ગદર્શન હેઠળ વિજયાનગર વોર્ડના પ્રભુનગર વિસ્તારમાં તા. ૨૦–૩–૨૦૦૭ના રોજ સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવેલ આ અભિયાનમાં સ્થાનિક કોર્પોરેટરશ્રી કાંતિભાઈ જોષી, કોર્પોરેટરશ્રી રામપ્યારે શર્મા તથા કોર્પોરેટર શ્રીમતિ સુશીલાબેન હટકર હાજર રહયા હતા. સુરત મહાનગર સેવાસદનના ૬ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૨૩ સફાઈ કામદાર/બેલદારો તથા વોર્ડના ૨૨ સામાજીક કાર્યકરો મારફત આ વિસ્તારમાં સઘન સાફ સફાઈ/સ્ક્રેપીંગ બ્રશીંગ કરાવી ૧ ટન કચરો તથા કચરા મિશ્રિત માટીનો નિકાલ કરાવી જંતુનાશક દવાઓ જેવી કે ચુનાની ફાંક–૨૫૦ કિ.ગ્રા. અને મેલેથિયોન–૫૦ કિ.ગ્રા. છંટકાવ કરવામાં આવેલ છે. દસ ન્યુસન્સકર્તા ઈસમોને નોટીસ આપવામાં આવી અને ૪ ઈસમો પાસેથી ગંદકી કરવા બદલ રૂા. ૫૦૦/– વહીવટી ખર્ચની વસુલાત કરવામાં આવેલ છે.

આ ઉપરાંત તા. ૨૧–૩–૨૦૦૭ના રોજ ભેસ્તાન વોર્ડના સિધ્ધાર્થનગર તથા ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સ વિસ્તારમાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવેલ તેમાં સ્થાનિક કોર્પોરેટરશ્રી કિશોરભાઈ વાઘેલા હાજર રહયા હતા. ૧૬ સુપરવાઈઝરી સ્ટાફ, ૭૭ સફાઈ કામદારો/બેલદારો તથા સિધ્ધાર્થનગર આશારામજી ભકત સંસ્થાના ૧૫ અને અન્ય ૧૦ સામાજીક કાર્યકરો મારફત આ વિસ્તારમાં સઘન સાફ સફાઈ/સ્ક્રેપીંગ બ્રશીંગ કરાવી ૫ ટન કચરો તથા કચરા મિશ્રિત માટીનો નિકાલ કરાવી જંતુનાશક દવાઓ જેવી કે ચૂનાની ફાંક–૩૦૦ કિ.ગ્રા., મેલેથીયોન–૧૦૦ કિ.ગ્રા., ડી.ડી.વી.પી.–૫ લિટર, બેકટીસોલ–૫ લિટર અને પ્રોપેક્ષર ૨ કિ.ગ્રા.નો છંટકાવ કરાવવામાં આવેલ છે. ૧૭ ન્યુસન્સકર્તા ઈસમોને નોટીસ આપવામાં આવી અને ૪૩ ઈસમો પાસેથી ગંદકી કરવા બદલ રૂા. ૪૩૫૦/– વહીવટીખર્ચની વસુલાત કરાવવામાં આવેલ છે. ૨૦૦૦ ચોરસ મીટર ભાગમાં સ્ક્રેપીંગ કામ કરાવવામાં આવેલ છે. તેમજ ડ્રેનેજના ૧૦ ચેમ્બરો સાફ કરાવવામાં આવેલ છે.

TOP

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં તા. ૨૧–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૨૨ (સગરામપુરા–સલાબતપુરા) વિસ્તારમાં સફાઈ અને જનજાગૃતિ અભિયાન

ગુજરાત સરકારના નિર્મળ ગુજરાત–૨૦૦૭ની ઉજવણીના સંદર્ભમાં સુરત મહાનગર સેવાસદનના સેન્ટ્રલ ઝોન ધ્વારા તા. ૨૧–૩–૨૦૦૭ના રોજ " નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત "ના કાર્યક્રમ અંતર્ગત સગરામપુરા પુતળી પાસે જનજાગૃતિ અભિયાન, સફાઈ અભિયાન તેમજ પ્રતિમા સફાઈનો કાર્યક્રમ માન. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના પ્રમુખસ્થાને યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ઝોનના વડા આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. પ્રમુખ સ્થાનેથી મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ જણાવ્યુ હતું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ જાતે સફાઈ કામગીરી કરતા હતા આપણે જાતે કામ નહીં કરીએ તો દેશ આગળ નહીં આવે, શ્રમ એ જ સાચો યજ્ઞ છે. આ પ્રસંગે મ્યુ. કોર્પોરેટરશ્રી હિતેષભાઈ મૈસુરીયા તથા માજી. કોર્પોરેટરશ્રી પ્રજ્ઞેશભાઈ દેસાઈએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે મ્યુ. કોર્પોરેટરશ્રી પીયુષભાઈ શીવશકિતવાલા, શ્રીમતિ ઉર્મીલાબેન રાણા, માજી. મેયર શ્રીમતિ ગીતાબેન દેસાઈ, માજી. મ્યુ. કોર્પોરેટર શ્રીમતિ ઉર્વશીબેન મસ્કતવાલા તથા રમેશભાઈ ગોટાવાલા તથા ન.પ્રા.શાળા ક્રમાંક ૩૪, સગરામપુરાના શિક્ષકો તથા વિદ્યાર્થીનીઓ વિગેરે ઉપસ્થિત રહયા હતા અને ઉપસ્થિત રહેલ તમામ અગ્રણી, અધિકારી ધ્વારા સમગ્ર શહેરને નિર્મળ બનાવવા સંકલ્પ પત્રનું વાંચન કરવામાં આવ્યું હતું.




ત્યારબાદ સગરામપુરા પૂતળીથી ઉધના દરવાજા તથા થોભાશેરી વિગેરે વિસ્તારમાં સફાઈ કામદારો મારફતે ઘનિષ્ઠ સ્ક્રેપીંગ બ્રશીંગની કામગીરી કરવામાં આવી હતી. જે દરમ્યાન ૫૪ ઈસમો/સંસ્થાને ગંદકી કરવા બદલ ચેતવણી આપવામાં આવેલ તેમજ રૂા. ૧૩૫૦/–નો દંડ કરવામાં આવેલ. તે ઉપરાંત મચ્છર ઉત્પતિ અટકાવવા માટે વિસ્તારમાં આવેલ ૩૩ સ્ટ્રોમ લાઈનના જાળિયા સફાઈ કરી એન્ટીલાર્વલ કામગીરી કરાવવામાં આવેલ અને ૫૭૯ ઘરનું સર્વે કરી તમામ ઘરની ઓવરહેડ, અન્ડરગ્રાઉન્ડ પાણીની ટાંકી ચેક કરી તેમાંથી કુલ ૯ જેટલાં મચ્છર ઉત્પતિ સ્થાન શોધી કાઢી તેનો નાશ કરાવવામાં આવ્યો હતો તેમજ તેઓને નોટીસ આપવામાં આવી હતી. અંતે આભારવિધિ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી ડી. એમ. જરીવાલાએ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન આરોગ્ય નિરીક્ષકશ્રી મોહમદ ઈકબાલ શેખે કર્યુ હતું.

TOP

## ઓલ ગુજરાત મહાનગર સેવાસદન શ્રી જામ રણજીતસિંહ રાજયાભિષેક શતાબ્દી નિમિત્તે તા. ૨૧ થી ૨૫ માર્ચ ૨૦૦૭ દરમ્યાન ઈન્ટર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

જામનગર મહાનગર સેવાસદન તરફથી ઈન્ટર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટનું જામનગર ખાતે તા. ૨૧ થી ૨૫ માર્ચ ૨૦૦૭ દરમ્યાન ઓલ ગુજરાત મહાનગરપાલિકા શ્રી જામ રણજીતસિંહ રાજયાભિષેક શતાબ્દી નિમિત્તે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે સુરત મહાનગર સેવા સદનના કાયમી કર્મચારીઓને ભાગ લેવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. ક્રિકેટ ટીમનો શુભેચ્છા પાઠવવા માટેનો એક સન્માન સમારંભ નવા સ્ટેન્ડીંગ કમિટિ રૂમમાં તા. ૧૯–૩–૨૦૦૭ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, ડે.મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, ડે.કમિશનરશ્રી(સ્પે.) પ્રદીપસિંહ ઝાલા, સાંસ્કૃતિક સમિતિના ચેરમેનશ્રીમતી છાયાબેન ભુવા, ઉપાધ્યક્ષ શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા તેમજ અન્ય સદસ્યો ઉપસ્થિત રહયા હતા. મા.મેયરશ્રીએ તેમના પ્રવચનમાં ક્રિકેટરોને આત્મવિશ્વાસ કેળવવા ક્રિકટરોનો ક્રિકેટ બાબતે પોતાનો વ્યકિતગત ફાળો ક્રિકેટ મેચ જીતવા જરૂરી હોય, જે બાબતે પોતાની વિચારસરણી રજુ કરી હતી. ત્યારબાદ મા.મેયરશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દરેક ખેલાડીઓને ટ્રેકશુટ તથા બુટ આપવામાં આવ્યા હતા. અને અંતમાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતી છાયાબેન ભૂવાએ ક્રિકેટરો તેમજ હાજર રહેલા તમામ પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો અને ક્રિકેટરોને શુભેચ્છા પાઠવી હતી.



આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જુનાગઢની ટીમે ટોસ જીતી દાવની પસંદગી કરી હતી. જેમાં ૨૧.૫ ઓવરમાં ફકત ૫૦ રને ઓલ આઉટ થયા હતા. સુરત મહાનગર સેવાસદન તરફથી દિનેશ પટેલ–૧૦ રન/૨ વિકેટ, યોગેશ પટેલ–૩ રન/૨ વિકેટ, તેમજ જગદીશ પટેલ, જયદેવ સોલંકી, અને જશવંત પટેલે ૧ – ૧ વિકેટ ઝડપી હતી.

સુરત મહાનગર સેવાસદનની ટીમે ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. ૮.૧ ઓવરમાં વિના વિકેટે ૫૧ રન ફટકારી જુનાગઢની ટીમને પરાજીત કરી ૧૦ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. યોગેશ પટેલ–૨૩ રન તેમજ ધનસુખ પટેલ–૧૬ રને(અણનમ) રહયા હતા. આવતી કાલે સુરત મહાનગર સેવાસદન ક્રિકેટ ટીમનો મુકાબલો જામનગર મહાનગર સેવાસદનની ક્રિકેટ ટીમ સાથે થશે.

TOP